## પ્રકરણ (૬)

### આહાર્ય અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય

નાટ્યપ્રયોગોમાં આહાર્ય અભિનયનો વિનિયોગ કેવી રીતે થાય છે તેના દૃષ્ટાંતરુપે કવિ ભાસ કૃત 'સ્વપ્નવાસવદત્તા' નાટક લઇ તેમાં આવતા પાત્રોની રંગભુષા તથા વેષભુષા તથા વિવિધ નાટ્યવસ્તુઓ તથા દૃશ્યવિધાનની ચર્ચા કરવાનો પ્રસ્તુત પ્રકરણનો પ્રધાન ઉદ્દેશ્ય છે.

અત્રે એટલી સ્પષ્ટતા કરવી જરુરી છે કે સંસ્કૃત નાટ્યપ્રદર્શનનો મેરુદંડ છે નટ. તે અભિનેતાપ્રધાન રંગમંચ છે. નટની અભિવ્યક્તિનું માધ્યમ છે તેનું શરીર. આ ઉપરાંત ચરિત્રનિરુપણમાં જે બાહ્ય ઉપકરણો સહાયક બને છે રુપસજ્જા, વેશભુષા, ઉપકરણ વિગેરે તેનો આહાર્ય અભિનય અંતર્ગત સમાવેશ થાય છે.

કવિ ભાસ કૃત 'સ્વપ્નવાસવદત્તા' ઉદયનકથા ઉપર આધારિત ૬ અંકોમાં વિસ્તરતું માનવહૃદયનું નાટક છે. ભાસના અન્ય નાટકો રજોગુણ પ્રધાન છે જ્યારે સ્વપ્નવાસવદત્તા સત્વગુણપ્રધાન નાટક છે. પ્રથમ પાંચ અંકમાં વિપ્રલંભ શૃંગારનું આલેખન છે જ્યારે અંતિમ અંકમાં વીરરસનું આલેખન છે.

ભરતમુનિએ પ્રત્યેક રસના વર્ણ નિર્ધારિત કર્યા છે. આ વર્ણો રંગભુષા અને વેષભુષાની વર્ણયોજના Colour Scheme માં માર્ગદર્શક નિવડે છે. ભરતમુનિએ નટના મુખને વિવિધ પાત્રાનુરુપ ભાતો design વડે શણગારવાનું સુચન કર્યુ છે. નટનો ચહેરોજ નહિ પણ સમગ્ર દૃશ્યમાન શરીરને પણ વિવિધ ભાતો વડે શણગારવા જણાવ્યું છે. 'રાસલીલા' જેવા કેટલાક પારંપારિક સ્વરુપોમાં તેનું સાતત્ય જોવા મળે છે.

નાયક ઉદયન ધીર લલિત પ્રકારનો નાયક છે. તે વિપ્રલંભ શૃંગાર તેમજ વીર રસનો પ્રધાન આશ્રય છે. એટલે તેની વેષભુષામાં વીરરસની સાથે સંકળાયેલ ગૌર વર્ણ પ્રધાનપણે પ્રયોજી , શૃંગાર રસ સાથે સંકળાયેલ શ્યામ વર્ણ તથા કરુણ રસ સાથે સંકળાયેલ

કપોત વર્ણ પુરક રંગો તરીકે પ્રયોજી શકાય. તેની વેશભુષા સપ્રમાણ અને સ્નિગ્ધ પ્રકારની રાખી શકાય. તેના શરીરને નખશિખ જાંબુડિયા રંગ વડે ચિતરી તેમજ ચહેરા ઉપર વિસ્તૃત એવી ચિત્રાત્મક ભાત ઉપસાવી તેનો રાજસી પ્રભાવ છતો કરી શકાય.

'વાસવદત્તા' કામશૃંગારનો આલંબન વિભાવ છે. તે 'પ્રોષિતભર્તુકા' પ્રકારની નાયિકા છે. સાથે સાથે પતિનો પ્રેમ મળવાની ખાત્રી હોવાથી તે સ્વાધિન પતિકા 'નાયિકા' પણ છે. એટલે તેની વેષભુષામાં વિપ્રલંભ શૃંગારની અભિવ્યક્તિ સાધી શકે તેવા રાખોડી-ભુખરા અને શ્યામ રંગોની છાંટવાળા રંગોનું પ્રાધાન્ય રાખી શકાય.

પદ્માવતી અર્થશૃંગારનો આલંબન વિભાવ છે. તેના ઐશ્વર્ય તથા મોભા-દરજ્જાનુ સુચન કરવા માટે તેની વેશભુષા ઝગારા મારતી અને સુવર્ણ આભુષણોથી યુક્ત રાખી શકાય. વળી સ્વભાવે તે ધીરા નાયિકા હોવાથી તેની વેશભુષામાં અશિષ્ટતા સંભવી શકે નહીં.

સૈનિકોની રંગભુષા તથા વેષભુષામાં રૌદ્ર રસ તથા યુધ્ધ સાથે સંકળાયેલ લાલ રંગનું પ્રાધાન્ય જરુરી બને છે. વિદૂષકની રંગભુષા તથા વેષભુષામાં હાસ્ય રસ સાથે સંકળાયેલ સિત રંગનું પ્રાધાન્ય રાખી પીળા રંગના ધાબા ચિતરી શકાય.

યૌગંધરાયણની ભુમિકા મંત્રીની હોવાથી તેમજ તે રાજાનો અર્થસચિવ હોવાથી તેની વેષભુષા તથા રંગભુષામાં લાલ તથા પીળા રંગનું મિશ્રણ રાખી શકાય.

નાટ્યશાસ્ત્ર અનુસાર પાત્રોની વેષભુષા નાટ્યકારના સમયમાં પ્રચલિત વેષભુષા અનુસાર રાખવી જોઇએ. ભાસના સમયમાં વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારની વેષભુષા ધારણ કરવામાં આવતી હતી. વાસવદત્તા અવાન્તિ પ્રદેશની નારી તરીકે રજુ થાય છે તો પદ્માવતી મગધ રાજ્યની નારી તરીકે. જો કે આ બંનેની વેષભુષા વચ્ચે શો ફરક હતો તે નાટ્યકૃતિ પરથી સ્પષ્ટ થતું નથી પણ શિલ્પોનો અભ્યાસ કરતાં જણાય છે કે સ્ત્રીના વસ્ત્રો બને એટલા પારદર્શક-શરીરના વળાંકો દેખાય એટલા પારદર્શક રાખવાનું વલણ હતું. આ સમયના ચિત્રકલાના નમુનાઓ પણ તપાસવાથી અને તેને શિલ્પો સાથે સરખાવીને જોવાથી વેષભુષા સંબંધી અન્ય માહિતી પ્રાપ્ત કરી શકાય. પરંતું પૂર્વ-મૌર્ય-ગાળો (ઇ.સ.પૂર્વે ત્રીજો સૈકો) કે જે ભાસની નજીકનો ગાળો છે તે દરમ્યાનના શિલ્પ તથા ચિત્રકળાના નમુના

ખુબ અલ્પ પ્રમાણમાં મળે છે. સીતાબેંગ (ઈ.સ. પૂર્વે બીજો સૈકો)ની ગુફામાંના તેમજ અજંતા (ઈ.સ. પૂર્વે પહેલો સૈકો)ની નવમી ગુફામાંના રેખાચિત્રો તથા સાંચી અને બારુતના (ઈ.સ. પૂર્વે બીજો સૈકો) શિલ્પો તથા વત્સ રાજ્યની પ્રાચીન રાજધાની કૌશામ્બી કે જ્યાં ઉદયન રાજા રાજ્ય કરતો હતો ત્યાંના ખોદકામથી મળી આવેલા અવશેષોનો અભ્યાસ કરતાં જણાય છે કે તે સમયમાં ભદ્ર સમાજની સ્ત્રીઓ કમરની ઉપર કોઈ ઉત્તરીય ધારણ કરતી નહોતી, પણ સ્તનને વિવિધ પ્રકારના આભુષણથી ઢાંકતી હતી. કૌશામ્બીનાં અવશેષો નજીકના સ્થળ એવા અલ્લાહબાદના મ્યુઝિયમમાં સંગ્રહાયેલ એક ચંદ્રકમાં વાસવદત્તા ઉદયન સાથે હાથી પર બેસી ભાગી જાય છે અને વિદૂષક તેની પુંછડી ઝાલીને ઉભો છે એવું દૃશ્ય અંકિત છે. તે પણ મુખ્ય પાત્રોની વેષભુષા તેમજ શિરોવેષ્ટન કરવામાં મદદરુપ બની શકે છે.

તે સમયની સ્ત્રીઓ સીવેલા વસ્ત્રોની જગ્યાએ કાપડના બે ત્રણ ટુકડા વસ્ત્ર તરીકે ધારણ કરતી હતી. લાંબો કાપડનો ટુકડો કમરની નીચે ધારણ કરવામાં આવતો. બીજો ટુકડો સ્તનને ઢાંકે તે રીતે ખભા પરથી નીચે સરકતો રાખવામાં આવતો. કેટલીક સ્ત્રીઓ ત્રીજો ટુકડો કંચુકી તરીકે સ્તન પર ધારણ કરતી. રાજદરબારમાં પરદેશથી આવેલી નૃત્યાંગનાઓજ લાંબી બાંયોવાળા સીવેલા કપડાં પહેરતી.

પ્રેક્ષક રસરુચિ તથા પાત્ર ભજવનાર નટીના ગમા-અણગમાનો વિચાર કરતાં લાંબા આભુષણો વડે સ્તન ઢાંકવાની જગ્યાએ, ત્રણ ટુકડાયુક્ત વેષભુષા રાખવી વિશેષ આવકાર્ય ગણાય.

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં મુનિ, નિર્ગ્રન્થ, શાક્ય, ત્રિદણ્ડી (સન્યાસી) વિગેરેની વેષભુષા તેમના ધાર્મિક વ્રત તથા આચાર અનુસાર રાખવાનું જણાવ્યું હોવાથી સ્વપ્નવાસવદત્તમ આવતા બ્રહ્મચારી તાપસીની વેષભુષા તેમના ધાર્મિક વ્રત તથા આચાર અનુસાર રાખી શકાય.

પ્રાચીન રંગમંચ ઉપર નટના આંગિક અને વાચિક અભિનય દ્વારા સ્થળ તથા સમયનો સંકેત કરવામાં આવતો. નાટ્યકાર સ્વયં પોતાની નાટ્યરચનામાં સ્થળકાળના

સંકેતો પાત્રમુખે કરાવતો. 'સ્વપ્નવાસવદત્તા'માં પ્રથમ અંકમાં નાટકનું ક્રિયાસ્થળ મગધના સીમાડા પાસેનું તપોવન છે. બીજા અંકમાં પ્રવેશકનું ક્રિયાસ્થળ મગધનો રાજમહેલ છે જ્યારે મુખ્ય દૃશ્યનું ક્રિયાસ્થળ પ્રમદવનમાં માધવીલતામંડપની પાછળનો ભાગ છે. ત્રીજા અંકમાં ક્રિયાસ્થળ પ્રમદવનનો એક એકાંત ભાગ છે. ચોથા અંકના પ્રવેશકનું ક્રિયાસ્થળ મગધનો રાજમહેલ છે જ્યારે મુખ્ય દૃશ્યનું ક્રિયાસ્થળ પ્રમદવનમાં માધવીલતામંડપની પાસેનું સ્થળ છે. તેજ પ્રમાણે પાંચમાં અંકના પ્રવેશકનું ક્રિયાસ્થળ રાજમહેલનો એક ભાગ છે અને મુખ્ય દૃશ્યનું ક્રિયાસ્થળ રાજમહેલનું અંત:પુર છે. આમ અહીં ગ્રીક નાટ્યપરંપરામાં જોવા મળતી સ્થળની એકતાનો અભાવ છે. પ્રત્યેક અંકમાં નાટકનું ક્રિયાસ્થળ બદલાય છે. પ્રાચીન રંગમંચ ઉપર કક્ષ્યાવિભાગ તથા નટના આંગિક તથા વાચિક અભિનય ધ્વારા આ સ્થળ પરિવર્તનો સુચવાતા.

પ્રથમ અંકના ક્રિયાસ્થળનો નિર્દેશ સ્વયં સુત્રધારે પોતાની ઉક્તિમાં કર્યો છે. જેમ કે 'રાજકન્યાને અનુસરનાર મગધરાજના સ્નેહાળ સેવકો વડે તપોવનમાં રહેલા સર્વ લોકોને ધૃષ્ટતાથી દુર ખસેડવામાં આવે છે.' (૧/૨) તેજ રીતે બીજા અંકના મુખ્ય દૃશ્યના ક્રિયાસ્થળનો સંકેત ચેટી આ પ્રમાણે આપે છે. ' આ રાજકુમારી માધવીલતાના મંડપની પાસે દડો રમે છે ? ત્યારે તો હું રાજકુમારી પાસે ત્યાંજ જાઉં.' ત્રીજા અંકના વાસવદત્તા ક્રિયાસ્થળનો ઉલ્લેખ કરતાં કહે છે ' લગ્નના આનંદથી ભરેલા અંત:પુરના ચોકમાં પદ્માવતીને મુકીને હું આ પ્રમદવનમાં (અંત:પુર પાછળના બાગમાં) આવી છું.' ચોથા અંકમાં વિદૂષકની ઉક્તિ ધ્વારા ક્રિયાસ્થળ સુચવાય છે. પાંચમાં અંકમાં વિદૂષક ' આ છે સમુદ્રગૃહ આપ અંદર પ્રવેશો' એમ કહી ક્રિયાસ્થળ સુચવે છે તો છઠ્ઠા અંકની શરુઆતમાંજ કંચુકીય 'અરે, સુવર્ણમય તોરણવાળા દરવાજા પાસે કોણ ફરજ બજાવે છે' એમ કહી સુચમુન પ્રાસાદનો ક્રિયાસ્થળ તરીકે સંકેત કરે છે. આમ પાત્ર પોતેજ 'પોતે કયા સ્થળે છે, કયાંથી આવે છે કયાં જવા માંગે છે ' વિગેરે બાબતોનો નિર્દેશ કરે છે. કક્ષ્યાવિધિ, પરિક્રમણ તથા વાચિક અભિનય ધ્વારા સ્થળ અને વાતાવરણનો સંકેત દૃશ્યબંધની ગરજ સારે છે.

એજ પ્રમાણે પાત્ર પોતાના સંભાષણ ધ્વારા નાટ્યની ક્રિયાના સમયનો પણ સંકેત કરે છે. જેમ કે સ્વપ્નવાસવદત્તામાં વિવિધ પાત્રોની ઉક્તિ ધ્વારાજ સુચવાય છે કે પ્રથમ અંકના

આરંભનો સમય મધ્યાહનની પહેલાંનો છે અને અંતનો સમય સંધ્યાકાળ છે., બીજા અંકનો સમય પહેલા અંક પછી થોડા દિવસ બાદનો અને સવારનો છે. ત્રીજા અંકનો સમય બીજા અંકની ક્રિયાનોજ દિવસ અને થોડીવાર પછીનો છે. અંક ચોથાનો સમય ઉદયન-પદ્માવતીના લગ્નોત્સવના ૩-૪ દિવસો બાદનો તથા સવારનો છે અને અંકની સમાપ્તિનો સમય બપોર પછીનો છે.

આમ સ્થળ કાળના નિર્દેશો આહાર્ય અભિનય અંતર્ગત દૃશ્યબંધ આયોજન દ્વારા નહિ પણ નટના આંગિક તથા વાચિક અભિનય દ્વારા આપવામાં આવે છે.

સ્વપ્નવાસવદત્તામાં દૃશ્યવસ્તુ તરીકે, કુટિયાટ્ટમમાં જેમ કાષ્ઠાસનનો ઉપયોગ થાય છે તેમ લાકડાના એક આસનનો ઉપયોગ કરી શકાય. આ આસન પ્રથમ અંકમાં તાપસીની બેઠક બની શકે અને એજ આસન બીજા અંકમાં તથા ચોથા અંકમાં પાષાણનો બાંકડો અને પાંચમાં અંકમાં આસન શૈય્યા બની શકે તેમજ છેલ્લા અંકમાં રાજસિંહાસન બની શકે.

વિદૂષકના હાથમાં કુટિલક રાખવાનું ભરતમુનિએ જણાવ્યું છે. આ સિવાય અન્ય હસ્તવસ્તુઓ માત્ર આંગિક અભિનય દ્વારાજ સુચવી શકાય. બાગમાં ખીલેલાં પુષ્પો, ગણગણતી મધમાખીઓ, પુષ્પમાળાઓનું ગુંથન, શરસંધાન, દડાની રમત- આ તમામ હસ્તવસ્તુઓ માત્ર આંગિક ચેષ્ટાઓ દ્વારા સરળતાથી સુચવી શકાય.

આમ 'સ્વપ્નવાસવદત્તા'ના નાટ્યધર્મી નાટ્યપ્રયોગમાં આ પ્રમાણેનો આહાર્ય અભિનય પ્રયોજી શકાય.